# સે-૨૯ માં વાંદરાઓની ટોળકી હીંસક બની : મહીલા સહીત બે લોહીલુહાણ

**ખાનગી રહેણાંક વિસ્તારમાં વાંદરાઓએ આતંક મચાવ્યોમહીલા અને નજીકમાં કામ કરતા ધોબીને બચકા અને નખોરિયા ભર્યા મહીલાને ૧૫ ટાંકા આવ્યા : વાહનોને પણ નુકશાન કર્યુ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષો વચ્ચે વાનર ટોળકી વાંરવાર તોફાને ચઢે છે. જયારે હવે નીલગાયની સાથે શહેરમાં વાનરોનો આતંક એટલી હદે વધી ગયો છે. નાગરિકો ઘરની બહાર નિકળતા પણ ડરે છે. રહેણાંક વિસ્તારમાં વાંદરાઓ રોજબરોજ આતંક મચાવે છે. જેના લીધે સ્થાનિકામાં ફફડાટ પ્રવર્તાયો છે. વાંદરાઓની આ હીંસક અને તોફાની હરકતથી મહીલાઓ અને બાળકો ભયભીત બન્યા છે. શહેરમાં નીલગાયના લીધે પણ વારંવાર અકસ્માતો થાય છે. જયારે વાંદરાઓ પણ રહેણાંક વિસ્તારમાં કુદાકુદ કરીને તોફાને ચઢતા કાર તેમજ ટુવ્હીલરને પણ નુકશાન થાય છે. સેકટરવાસીઓ વાંદરાઓના આ આતંકથી ત્રાહીમામ પોકારી ગયા છે. સે-૨૯ માં વાંદરાઓની ટોળકી ગઈકાલે હીંસક બની હતી. વાંદરાએ એક મહીલા પર હુમલો કર્યો હતો. વાંદરાએ મહીલાને બચકા અને નખોડીયા ભરીને લોહીયાળ કરી દીધી હતી. અન્ય રહીશોની મદદથી મહીલાનો બચવા થયો હતો વાંદરાના હુમલાથી ગંભીર રીતે ઘવાયેલી મહીલા લોહીયાળ બની હતી ને ૧૫ ટાંકા આવ્યા હતા આ દરમિયાન અન્ય એક વાંદરાએ પણ સેકટરોમાં ધોબીકામ કરતા એક વ્યકતિ પર હુમલો કર્યો હતો તેને પણ તોફાની વાંદરાએ બચકા અને નખોરિયા ભરીને ઈજા પહોંચાડી હતી. વાંદરાની આ હીંસક હરકતથી સેકટરમાં દોડધામ મચી ગઈ હતી અને સેકટરવાસીઓ ભયભીત થઈ ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. શહેરના સેકટરોમાં અવારનવાર વાંદરાઓની ટોળકી તોફાને ચઢે છે. જયારે સમય જતા હીંસક બનતા વાંદરાઓને પકડી લેવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગણી કરી છે.

# સતત બીજે દિવસે ૧૭ હજારથી વધુનું વેક્સિનેશન

## શહેરમાં પ્રથમ વખત ૫,૮૦૦થી વધુ જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૧૧,૬૩૫નું વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન મહા અભિયાનના સતત બીજા દિવસે પણ ૧૭ હજારથી વધુ લોકોને આવરી લઈ તંત્રએ વધુ એક વિક્રમ સર્જક કામગીરી કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બીજે દિવસે ૯૦ જેટલી વેક્સિનેશન સાઈટ પર ૧૧,૬૩૫ લોકોને આવરી લીધા હતા. જિલ્લામાં ગઈકાલે પ્રથમ દિવસની તુલનામાં સંખ્યામાં થોડોક ઘટાડો જરૂર થયો છે.

ગ્રામીણ વિસ્તારમાં જે રીતે સંક્રમણ હતુ તેને લઈ તેમજ હજુ કેટલાક વિસ્તારોમાં વેક્સિનેશનને લઈ પ્રવર્તતી અજ્ઞાનતાને કારણે થોડુ ઓછુ વેક્સિનેશન થયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ૧૬મી જાન્યુઆરીથી શરૂ થયેલા વેક્સિનેશન અભિયાનમાં આજે પહેલીવાર ૫૮૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. વેક્સિનેશન મહાઅભિયાનના બીજા દિવસે પણ ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના લોકોમાં સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં ૧૮ થી ૪૫ વર્ષના વયજૂથના ૫૪૨૧ લાભાર્થીઓને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. શહેરમાં આ વયજૂથના ૪ હજાર જેટલા યુવાઓને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વેક્સિનેશન અભિયાન હજુ પણ વધુ સઘન અને તે માટે તંત્રએ આખી વ્યુહરચના કરી છે. આ વેક્સિનેશન અભિયાન માટે ખાસ લાયઝન અધિકારીઓની નિયુક્તી કરવાની વાત તંત્રની વિચારણા હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

# સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. સેવા શરૂ : ઓપરેશન થિયેટરો આગામી સપ્તાહથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન થિયેટરો જે નવા બિલ્ડીંગમાં આવેલા છે તે આગામી સપ્તાહથી કાર્યરત થઈ જશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે ૧૫ જેટલા કોવિડના દર્દીઓ સારવાર હેઠળ છે જે પૈકી ૨ થી ૩ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. અગાઉની જેમ કાર્યરત થઈ શકે છે. સર્જરી અત્યારે જે જુના બિલ્ડીંગમાં થતી હતી તેના બદલે નવા બિલ્ડીંગમાં હવે આગામી સપ્તાહથી આરંભી દેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ઝડપથી નોન-કોવિડ કામગીરી હાથ ધરવા માટે આરોગ્ય કમિશનરે સૂચના આપી હતી. હવે ગાંધીનગર ખાતે ૯૦૦ બેડની કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ મહાત્મા મંદિર ખાતે બનાવી દેવામાં આવી છે.

એપ્રિલ-મે માં કોરોનાની બીજી વેવમાં ઓ.પી.ડી. સહિતની કામગીરી સિવિલ હોસ્પિટલમાં બંધ કરવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલમાં આજે ઓ.પી.ડી.માં ૬૦૦ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જેમાં સર્જરીમાં જ ૧૦૦ જેટલા દર્દીઓ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં કોરોનાના ૩ કેસ : ૧૬ ને ડિસ્ચાર્જ

**શહેરમાં બે કેસ નોંધાયા તો ગ્રામ્યમાં એક કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. કોરોનાની રિ-એન્ટ્રી થતાં તંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે કેસ ગાંધીનગર શહેરમાં અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામ તાલુકાના માણેકપુર ગામેથી ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૫૬૯ દર્દીઓ રિકવર થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૨૭૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. સે. ૨૫ના ૨૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કુડાસણની ૨૨ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૩૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક-એક દિવસ એક પણ કેસ નોંધાયો ન હોવાથી તંત્રએ રાહત અનુભવી હતી પરંતુ પુનઃ કોરોનાએ દેખા દેતાં તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે.

# ગુજકેટના પરીક્ષાર્થીઓ ૨૩ જુનથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે

**આગામી ૩૦ જુન સુધી ફોર્મ ભરી શકશે : પરીક્ષા માટેની માહીતી પુસ્તિકા પણ વેબસાઇટ પર મુકવામાં આવી**

ગાંધીનગર તા ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવા માટેની તારીખ જાહેર કરવામાં આવી છે. જે મુજબ ગુજકેટના પરીક્ષાર્થીઓ તા ૨૩ થી ૩૦ જુન દરમિયાન બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

કોરોના કાળમાં ધો-૧૦ અને ૧૨ ની પરીક્ષા રદ કરાયા બાદ હવે આગામી દિવસોમાં બોર્ડ કક્ષાએથી ગુણાંકન પધ્ધતિના આધારે પરિણામ જાહેર કરવામાં આવશે. જયારે બોર્ડ પરીક્ષાની સાથે ગુજકેટની પરીક્ષાના આયોજન અંગે પણ વિદ્યાર્થીઓ ચિંતિત હતા જયારે હવે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા અન્વયે ફોર્મ ભરવાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને જાણકારી આપતા શિક્ષણ બોર્ડના નાયબ પરીક્ષા નિયામક જે જી પંડયાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યા મુજબ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ ૨૦૨૧ની પરીક્ષા માટેની માહીતી પુસ્તિકા અને ઓનલાઈન આવેદન પત્ર ભરવાની સુચનાઓ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવી છે. ગુજકેટ ૨૦૨૧ની પરીક્ષાનુ આવેદન પત્ર બોર્ડની વેબસાઈટ પરથી તા ૨૩ જુન બપોરે ૧૨ :૩૦ કલાકથી ૩૦ જુન દરમિયાન ઓનલાઈન ભરી શકાશે. જયારે ગુજકેટની પરીક્ષા ફી રૂ ૩૦૦ એસ બી આઈ પે સિસ્ટમ અગર ઓનલાઈન ક્રેડીટ કાર્ડ સહીતના માધ્યમથી ભરી શકાશે.



આકાશમાં વાદળો ઘેરાયા છે. દિવસ દરમ્યાન ઝરમર વરસાદ વરસી જાય છે. ગાંધીનગર શહેરનો તો જાણે નજારો જ બદલાઈ ગયો છે. કોઈ હીલસ્ટેશન પર આવી ગયા હોય તેવો નજારો જોવા મળે છે. વરસાદ હજુ તો શરૂ થયો છે ત્યાં જ શહેરના માર્ગો પર છત્રી વેચતા ફેરીયાઓ જોવા મળી રહ્યા છે. રંગબેરંગી અને વિવિધ આકારની છત્રીઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. વરસાદ જામે તો છત્રીઓનું વેચાણ વધી શકે છે. હમણાં તો ઘરાકીનો ઈન્તજાર છે.

# તાલુકા પંચાયત કારોબારી સમિતિએ ૪૦ લાખના કામોને મંજૂરી આપી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની આજે ખાસ બેઠક ચેરમેન વનીતાબેન સોલંકીના અધ્યક્ષપદે મળી હતી.

આજે મળેલ આ બેઠકમાં સભ્યો દ્વારા ૪૦ લાખથી વધુના કામોને મંજૂરી આપી હતી. ગણતરીની બેઠકોમાં બેઠક આટોપાઈ ગઈ હતી.

આજની બેઠકમાં એક વધારાનો પ્રસ્તાવ રજુ કરવાનો પ્રયાસ થયો હતો. જેમાં સામાન્ય સભાએ કારોબારી સમિતિના ચેરમેનને સ્વભંડોળના કામો સૂચવવા માટેની સત્તા આપી હતી તેમાં ફેરફાર કરી કારોબારી સમિતિને આ સત્તા આપવામાં આવે તેવો પ્રસ્તાવ રજુ થયો હતો.

જો કે આજની બેઠક ખાસ બેઠક હોવાથી તેના પર કોઈ પણ પ્રકારની ચર્ચા વિચારણા થઈ ન હતી. આ બેઠક પ્રસ્તાવની નોંધ લેવામાં આવી છે અને તે હવે પછીની મળનારી બેઠકમાં વિચારણામાં લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ કોંગ્રેસના જૂથો વચ્ચે પ્રદેશની દરમ્યાનગીરીથી થયેલુ સમાધાન લાંબુ ચાલે તેવુ લાગતુ નથી. આગામી દિવસોમાં પક્ષમાં રાજકીય ધમાસણ થશે તેમ મનાઈ રહ્યું છે.

# આર.ટી.આઈ. એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવાનો કાર્યક્રમ જાહેર થયો

ગાંધીનગર, તા. ૨૨

શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. રાજ્ય સરકારે જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ૨૫ જૂનથી આ અંગે પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાનો પ્રારંભ થશે.

૫ મી જુલાઈ ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. આ પછી ૧૦મી જુલાઈ સુધી તંત્ર દ્વારા આવેલા ફોર્મની ચકાસણી કરવામાં આવશે.

૧૫મી જુલાઈએ પ્રથમ રાઉન્ડમાં બાળકોને પ્રવેશ માટેની યાદી જાહેર કરવામાં આવશે. જિલ્લામાં ગત વર્ષે ચાર હજારથી વધુ બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ આપવામાં આવ્યો હતો.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવનાર બાળકની ફી સરકાર દ્વારા ભરવામાં આવતી હોય છે. રાજ્ય સરકારે આ અંતર્ગત પ્રવેશપાત્ર કોણ કોણ થઈ શકશે તે અંગે વિગતવાર પરિપત્ર પણ જારી કરી દીધો છે.

ગરીબ બાળકો સારી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે આ એક્ટ અંતર્ગત પ્રવેશ સરકાર દ્વારા આપવામાં આવતો હોય છે.

# જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૧૦૦ શિક્ષકોની ટુંકમાં ભરતી કરાશે

**ભરતી પ્રક્રીયા પુર્ણ થતાં જ શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતીના અંતે શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થઈ ગયો છે. અત્યાર સુધી શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકોને પણ નિમણુંક આપવામાં આવતી હતી. જયારે હવે માધ્યમિક શાળાઓમાં પણ શિક્ષકોને ટુંકમાં નિમણુંક આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૧૦૦ શિક્ષકોની ભરતી કરાશે જેના અંતે હવે પ્રવાસી શિક્ષકોની ભરતીનો પ્રશ્ન પણ રહેશે નહીં. શાળાઓમાં પુરતા શિક્ષકોને નિમણુંક આપવાના આયોજનથી શિક્ષણની ગુણવત્તા પણ સુધરશે.

ગાંધીનગરમાં ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓમાં છેલ્લા ઘણાં સમયથી શિક્ષકોની ઘટ છે. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે થોડા સમય અગાઉ જ ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેના અંતે હાલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થઈ ગયો છે. મુખ્યમંત્રીના હસ્તે પણ નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શહેર અને જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટના પ્રશ્નના લીધે શિક્ષણની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા હતા. શિક્ષણ તંત્રમાં લાંબા સમયથી શિક્ષકોની ઘટના લીધે શાળાઓમાં શિક્ષણ કાર્ય પર વિપરિત અસર થતી હોવાનો આક્રોશ શિક્ષણવિદો તેમજ વાલીઓમાં પણ પ્રબળ બન્યો હતો. જયારે શાળાઓમાં શિક્ષકોની ઘટની ગરજને સારવા માટે પ્રવાસી શિક્ષકોને પણ નિમણુંક આપવામાં આવી હતી. જયારે સમયાંતરે આ પ્રવાસી શિક્ષકોની નિમણુંકનો સમય ગાળો લંબાવી દેવામાં આવતો હતો. જો કે ગત માર્ચ મહીનાથી પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી નથી. જયારે હવે રાજયની વિવિધ ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે તબક્કાવાર ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં પણ અગાઉ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૧૪૦ શિક્ષકોને નિમણુંક આપવામાં આવી હતી. જયારે હવે માધ્યમિક શાળાઓમાં પણ શિક્ષકોની ઘટ નિવારવા માટે ટુંકમાં ભરતી કરવામાં આવશે. અલબત્ત માધ્યમિક શાળાઓમાં શિક્ષકોને નિમણુંક આપવા માટે પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૧૦૦ જેટલા શિક્ષકોને ટુંકમાં નિમણુંક પત્ર આપી દેવાશે. જુલાઈના પ્રથમ સપ્તાહ સુધીમાં શિક્ષકોની ભરતી કરી દેવાશે. શિક્ષકોની ભરતીના અંતે પ્રવાસી શિક્ષકોની પણ જરૂરિયાત રહેશે નહી.

# વાદળોના ઘેરાવા વચ્ચે હાથતાળી આપતો વરસાદ

**છેલ્લા એક અઠવાડિયાથી આકાશમાં સતત વાદળો ઘેરાય છે પરંતુ જોઈએ તેઓ વરસાદ પડતો નથી**

ગાંધીનગર, તા. ૨૨

ચોમાસાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી વાદળો ઘેરાય છે પરંતુ આ ઘેરાયેલા વાદળો વરસતા નથી. દિવસ દરમ્યાન એકાદ-બે ઝાંપટા પડી જાય છે. ધોધમાર વરસાદ ન વરસતા બફારો યથાવત રહ્યો છે.

ગુજરાતમાં ઘણા સ્થળોએ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં ઘણા વિસ્તારોમાં એટલો વરસાદ પડ્યો છે કે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાય દિવસોથી વાદળો ઘેરાય છે. વાદળોનો જથ્થો ખૂબ વધુ જોવા મળે છે. ક્યારેક એવુ લાગે છે કે ધોધમાર વરસાદ તુટી પડશે પરંતુ માત્ર થોડાક છાંટા પડીને કે એકાદ-બે ઝાંપટા પડીને વરસાદ બંધ થઈ જાય છે. વળી શહેરના તમામ વિસ્તારોમાં તો વરસાદ પડતો નથી. કોઈક



સેક્ટરમાં વરસાદી ઝાંપટુ જોરદાર પડી રહ્યુ હોય તો ક્યાંક સાવ કોરૂ ધાકોર હોય તેવુ પણ જોવા મળે છે. આકાશમાં ઘેરાતા વાદળો વરસતા નથી. દિવસ દરમ્યાન વરસાદ થોડો ઘણો વરસતો હોવાથી બફારો હજુ યથાવત રહ્યો છે. વરસાદ બંધ થાય અને જરાક ઉઘાડ નીકળે એટલે એટલો બધો બફારો થાય છે કે પરસેવે રેબઝેબ બની જવાય છે. ઘરની બહાર નીકળો તો હેરાન-પરેશાન થઈ જવાય છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એકાદ-બે અઠવાડિયામાં ગાંધીનગર-અમદાવાદના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી શકે છે.

Required Secretarial Auditor
For Conduct of Secretarial Audit - FY - 2020 - 2021 of
Bahucharaji Rail Corporation Limited (BRCL)
Contact : accounts@brcl.org.in
Last Date to apply : 29.06.2021
Address : Block No. 6, 7th Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar - 382011.
Tel : 079-23232728

એકાઉન્ટન્ટ જોઈએ છે
ગાંધીનગર માં construction સાઈટ માટે ૨-૩ વર્ષ નો અનુભવ ધરાવતા એકાઉન્ટન્ટ જોઈએ છે
Biodata wattsapp કરવો
Contact no. 9925344839

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com